# કોરોનાના કહેરથી માદરે વતન તરફ હિજરત

## પ્રાંતિજ નેશનલ હાઇવે આઠ ઉપર લોકો હિજરત કરતા જોવા મલ્યા : અમદાવાદથી ચાલતા રાજસ્થાન ઉદેપુર માદરે વતન તરફ કોરોનાના ભયથી ૨૦૦થી ૩૦૦ કિલોમીટર ચાલતા ચલતી પકડી : સેવાભાવી સંસ્થાઓ દ્વારા પાણી બીસ્કીટ પેકેટ આપવામાં આવ્યા

પ્રાંતિજ, તા. ૨૪ કોરોનાનો કહેર દેશ સહિત વિદેશોમાં જોવા મળી રહ્યો છે. ત્યારે સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ ઉપર પણ કોરોનાને લઈને અસંખ્ય પરિવારો બાળકો સાથે અમદવાદથી ચાલતા નિકળ્યા છે અને પોતાના વતન રાજસ્થાન, ઉદેપુર તરફ જતા જોવા મળી રહ્યાં છે.

હાલ કોરોનાના દહેશતને લઈને ચારેબાજુ હાહાકાર મચી ગયો છે, ત્યારે અમદાવાદ, રાજકોટ બાજુના મજુરી કરવા આવેલ રાજસ્થાન, ઉદેપુરના પરિવારના લોકો કોરોના ભયથી અમદાવાદથી ચાલતા નિકળ્યા છે અને હાલ નેશનલ હાઈવે આઠ પણ વાહનોની અવરજવર ના હોવાથી સુમસામ છે પણ કોરોનાની દહેશતને લઈને અમદાવાદ ખાતે ધંધા રોજગાર અર્થે આવેલ તથા રાજકોટથી જેમતેમ વાહનોમાં આવેલ લોકો અમદાવાદથી પોતાના માદરે વતન પોતાના નાના બાળકો સાથે ચાલતા જતાં ઠેરઠેર જોવા મળે છે ત્યારે પ્રાંતિજ પોલીસ, મંગલોદય સેવા પ્રતિષ્ઠા કામધેનુ ગૌશાળા પ્રાંતિજના સુનીલદાસજી મહરાજ તથા અનુજ પટેલ તથા પોગલુ ફયુચર ગુપ તથા પોગલુ યુવા ગૃપ તથા કતપુર ગામના યુવાનો દ્વારા સુમસામ રસ્તાઓ પોતાની પરવા કર્યા વગર પાણીની બોટલો બિસ્કીટના પેકેટ સાથે આ હિજરત કરી રહેલ લોકોની વારે આવી ખરા અર્થમાં માનતા ધર્મ નિભાવ્યો છે, ત્યારે હાલ તો કોરોના કહેરને લઈને લોકોમાં દહેશતની સાથે ભય છે.

ત્યારે હાલ તો લોકો ૨૫૦ થી ૩૦૦ કિલોમીટર સુધી ચાલીને હિજરત કરતા પોતાના માદરે વતન તરફ જઈ રહ્યા છે ત્યારે કોરોનાને જે ગંભીર નથી લેતા તેવો માટે અમારી અપીલ છે કે સરકારશ્રી તથા આરોગ્ય અને પોલીસ વિભાગ દ્વારા જે સુચનાઓ વારવાર આપવામાં આવે છે તે સુચનાઓનુ આપણે ચુસ્ત પાલન કરીએ અને જયાં છીએ ત્યાં જ સુરક્ષીત રહીએ કોઈ જગ્યાએ કે બહાર જવાનું હાલ પુરતુ ટાળીયે અને આપણા અને આપણા પરિવાર માટે પણ ઘરોમાં રહીએ અને કોરો જેવી મહામારીને જળમુળથી ભગાડવા સાથ અને સહકાર આપીશું આપણે સલામત તો આપણો પરિવાર સલામત અને પરિવાર સલામત તો ગામ અને દેશ પણ સલામત.









### લોકડાઉન બન્યું લકડાઉન

ગુજરાતમાં લોક ડાઉન એ રાજસ્થાનના શ્રમિકો માટે લક ડાઉન થયું છે જેને લઈને મંગળવારે હિમતનગરના મોતીપુરાથી પસાર થતો અમદાવાદ-શામળાજી નેશનલ હાઈવે નં-૮ પર ગુજરાતના અમદાવાદ,સુરત અને મહેસાણામાં મજુરી કામ કરતા શ્રમિકો કોરોના વાયરસની દહેશત બાદ વતન ચાલતા વાટ પકડી છે ત્યારે માલિકે આપેલા નાણા પણ કેટલાકને તો વપરાઈ ગયા છે અને હાલ હિમતનગર સુધી પહોચેલા શામળાજી અને રાજસ્થાન તરફ જવા માટે નીકળ્યા છે તો શ્રમિકો મળે તે વાહનમાં જવા નીકળ્યા છે તો ક્યાંક ચાલતા જતા નજરે પડ્યા હતા.તો નાના બાળકો,યુવાનો અને પરિવાર સાથે પણ ચાલતા જઈ રહ્યા છે.



### વડગામ તાલુકાના ગામડાઓમાં ૨૭૦ લોકો બહારથી આવતા ડો. નિમીકા પટેલ દ્વારા સ્કીનીગ

વડગામ તાલુકાના જલોતરા પી.એસ.સી.સેજામા આવતા ગામડાઓમાં બહાર રહેતા ૨૭૦ જેટલા લોકો પોતાના વતન આવતાં જલોતરા પી.એચ.સી.ની ટીમ દ્વારા સ્કીનીંગ કરાયું હતું. સમગ્ર વિશ્વમાં કોરોના વાઈરસે હાહાકાર મચાવી છે. ત્યારે કોરોના કહેર વચ્ચે ધંધા રોજગાર માટે બહાર રહેતા લોકોને કોરોના એ વતનની વાટ પકડાવી છે.જલોતરા પંથકમાં બહાર ધંધાર્થે રહેતા લોકો વતન આવતા જલોતરા વહીવટી તંત્ર ને જાણ થતાંજ જલોતરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના ડૉ.નિમિકાપટેલ ,ડૉ.જયશ્રી પ્રજાપતી તથા આરોગ્ય ટીમ દ્વારા બહાર થી આવેલા ૨૭૦ કરતા વધુ લોકોના સ્કીનીંગ કરાયા હતા.ત્યાર બાદ તમામ લોકોને ૧૪ દિવશ સુધી હોમકોરોન્ટાઈન મા રહેવા જણાવ્યું છે.

# વડગામના મોરીયામા બે શંકાસ્પદ કેસનો રીપોર્ટ નેગેટીવ આવતા તંત્રને હાશકારો

સુરત ખાતે ધંધા અર્થો રહેતા વડગામ તાલુકાના મોરીયા ગામના એક વયોવૃદ્ધ ને કોરોના પોઝેટીવ રીપોર્ટ આવ્યો હતો.અને તેમનુ સુરત ખાતે એક હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. જે કારખાના ના માલિક ના સંપર્ક માં આવેલા વડગામ તાલુકાના મોરીયા ગામના બે વ્યક્તિઓ સુરત છોડીને મોરીયા આવ્યા હતા.જે અંગેની આરોગ્ય તંત્રને જાણ થતાં જ બંનેના સેમ્પલ લઈ ને અમદાવાદ મોકલવામાં આવ્યા હતા.જે બંનેના રીપોર્ટ નેગેટીવ આવ્યા હોવાનું વડગામ બ્લોક હેલ્થ ઓફિસર પ્રકાશ ચૌધરી એ જણાવ્યું હતું. આમ આ બંને વ્યક્તિના નેગેટીવ રીપોર્ટ આવતાં તંત્રએ પણ હાશકારો અનુભવ્યો હતો.

# મોડાસા નગરપાલિકાના અપક્ષ મહિલા કોર્પોરેટરની દબંગાઈ

## ઇન્દિરાનગરમાં કોરોનનો સર્વે કરતી આરોગ્ય વિભાગની ટીમ પર હુમલો

મોડાસા, તા. ૨૪ ગુજરાતમાં કોરોના વાયરસના હાહાકાર વચ્ચે રાજ્ય સરકારે આખા ગુજરાતને ૩૧મી માર્ચ સુધી સંપૂર્ણ રીતે લોકડાઉન કરવાની જાહેરાત કરી દીધી છે. તેમ છતાં ગુજરાતમાં પોઝિટીવ કેસોની સંખ્યામાં ઉત્તરોતર વધારો થઈ રહ્યો છે. આરોગ્ય કર્મચારીઓ જીવન જોખમે સેવાઓ આપી રહ્યા છે, અરવલ્લી જીલ્લા આરોગ્ય વિભાગ સતર્ક બની મોડાસા શહેર સહીત ગ્રામ્ય વિસ્તરોમાં સર્વેની કામગીરી હાથ ધરી છે. મોડાસા શહેરના ઈન્દિરાનગર વિસ્તારમાં સર્વેની કામગીરી કરતી મહિલા આરોગ્ય કર્મચારીઓ પર સ્થાનિક મહિલા કોર્પોરેટર ફરીદાબેન શેખે ઝપાઝપી કરી સર્વેના ફોર્મ પણ છીનવી લેતા વિવાદ સર્જાયો હતો. સમગ્ર મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. દબંગાઈ કરતી મહિલા કોર્પોરેટર સામે લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.



પ્રાપ્ત માહિતી અનુસાર અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં કોરોના વાયરસને લઈને સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. મોડાસા શહેરના લઘુમતી વિસ્તારમાં આવેલા ઈન્દીરાનગર વિસ્તાર અને રાઠોડ ફળીમાં આરોગ્ય વિભાગની મહિલા કર્મચારી દિપીકાબેન પંડ્યા આશાવર્કર સાથે સર્વેની કામગીરી કરી પૂર્ણ કર્યા પછી સ્થાનિક મહિલા અપક્ષ કોર્પોરેટર ફરીદાબેન મોં.રફીક શેખે મહિલા આરોગ્ય કર્મચારીઓને ૪ ઘરનો સર્વે બાકી હોવાનું જણાવી તેમના વિસ્તારમાં બોલાવી તમો નેશનલ પોપ્યુલેશન રજીસ્ટરની વિગતો ફોર્મમાં ભરવા આવ્યા છો તમોને કોઈ માહિતી આપવામાં આવશે નહિ તેવો આક્ષેપ કરી સર્વેની કામગીરી કરતા કર્મીઓ પાસેથી ફોર્મ છીનવી લઈ મહિલા કર્મચારી પર હુમલો કરી દુપટ્ટો પણ ફાડી નાખતા મહિલા કોર્પોરેટરની લુખ્ખી દાદાગીરી કરી હોબાળો મચાવતા ભારે વિવાદ સર્જાયો હતો. મોડાસા શહેરની અપક્ષ મહિલા કોર્પોરેટર ફરીદાબેન દ્વારા એનપીઆરના બહાના હેઠળ સરકારી કામગીરીનો વિરોધ કરતા ચકચાર મચી ગઈ હતી.

મોડાસા અર્બન હેલ્થ સેન્ટરમાં ફરજ બજાવતા મહિલા આરોગ્ય કર્મચારી દિપીકાબેન પડ્યા અને તેમની સાથે રહેલા આશાવર્કર શબાનાબેન પર હુમલાની ઘટના બનતા આરોગ્ય વિભાગના કર્મચારીઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો. હુમલાનો ભોગ બનેલ આરોગ્ય મહિલા કર્મચારીઓ દબંગ મહિલા કોર્પોરેટર ફરીદા શેખને કાયદાનો પાઠ ભણાવવા મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા તજવીજ હાથ ધરી હોવાની માહિતી આરોગ્ય વિભાગના સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી.



કોરોના વાયરસ જેવી મહામારીથી જનતાને બચાવવા જંગે ચડેલી ગ્રામીણ સ્વસહાય જૂથની મહિલાઓ આજની પ્રવર્તમાન પરિસ્થિતિમાં કોરોના વાયરસના સંક્રમણથી ગુજરાતની જનતાને બચાવવા એક જૂથ બનેલી રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (મિશન મંગલમ) હેઠળ જોડાયેલી મહિલાઓ પણ યોગદાન આપી રહી છે. આ માટે માસ્ક બનાવવાની સતત અને સઘન કામગીરીમાં જોડાઇ છે.







### ડીસામાં લોકડાઉન વચ્ચે પણ લોકો બેફિકર : પોલીસ દંડાવાળી કરે

કોરોનાના વધતા જતા પ્રકોપથી સમગ્ર ગુજરાત સોમવારની મધરાતથી લોકડાઉન કરી દેવામાં આવ્યું છે. છતાં ડીસા શહેરની જનતામાં આ લોકડાઉનની નહિવત અસર જોવા મળી રહી છે. વગર કામે લોકો રોડ ઉપર લટાર મારવા નીકળ્યા હોય તેમ વાહનોમાં તો કેટલાક ચાલતા નજરે ચડ્યા હતા. ત્યારે મંગળવારે બગીચા વિસ્તારમાં ઉત્તર પી.આઈ. જે.વાય. ચૌહાણ અને સ્ટાફ દ્વારા અવરજવર કરતા લોકોને લોકડાઉનનો અમલ કરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે લોકોમાં તેની સહેજ પણ અસર વર્તાઈ ન હતી. પોલીસ સખ્તાઈ ન દાખવતા લોકોને જાણે છૂટોદોર મળ્યો હોય તેમ કોરોના રોગની સહેજ પણ ગંભીરતા લોકોમાં જોવા મળી ન હતી. અત્રે ઉલ્લેખનીય છે કે વિશ્વના અનેક સક્ષમ અને આર્થિક મજૂબત દેશઓ પણ કોરોના સામે ઘૂંટણિયે પડી ગયા છે. ત્યારે ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા કોરોના સામે લડવા માટે અવારનવાર લોકોને ફક્ત ઘરે રહેવાની અપીલ કરવામાં આવી છે. જેથી લોકો કામ વગર બહાર ન નીકળે અને કોરોનાના ચેપથી બચે તેમ છતાં લોકોમાં આ બાબતની સહેજપણ ગંભીરતા હોય તેવું જોવા મળ્યુ ન હતુ ત્યારે પોલીસ દંડાવાળી કરે તે વર્તમાન નાજુક સમયનો તકાજો છે.